# ચિંતા-રૂકાવટ છતાં મોટી આપત્તિમાંથી બચી શકો



વિક્રમ સંવત ૨૦૬૯ કૌટુંબીક પ્રશ્નોમાં, નાણાંકીય પ્રશ્નોમાં ચિંતા-મુશ્કેલી-નુકસાન-ખર્ચની રહે. કુંટુંબ, પરિવાર, મિત્રવર્ગમાં, વડીલવર્ગમાં બિમારી-ચિંતા-વિયોગનું આવરણ આવી જાય. મકાન-વાહન-મીલ્કતના પ્રશ્ને મુશ્કેલી અનુભવાય. તે સિવાય તા. ૩૧-૫-૨૦૧૩ સુધી ગુરૂ ગ્રહની પ્રબળતા આપની ચિંતા-મુશ્કેલીને નિવારવામાં તેમજ કામના ઉકેલમાં, સફળતામાં મહત્ત્વની બની રહે. પરંતુ વર્ષના મધ્યમભાગથી વર્ષના ઉત્તરાર્ધ સુધીનો સમય આપના માટે અગ્નિપરીક્ષાવાળો જણાય. સમગ્ર વર્ષ દરમ્યાન શનિની પનોતીનો ત્રીજો અંતિમ તબક્કો સોનાના પાયે પસાર કરવાનો રહેશે. પનોતીના અંતિમ તબક્કામાં કૌટુંબીક પ્રશ્નો, આર્થિક સંજોગો તેમજ આપના આરોગ્યની અસ્વસ્થતા, પુત્ર પૌત્રાદિકના પ્રશ્ને ચિંતા-વ્યથાના રહે પરંતુ પત્ની-સંતાનના જન્મના ગ્રહયોગ, તમારા જન્મના ગ્રહયોગ અને પરિવારની, તમારી ભક્તિ-પૂજા-ઉપાસના તમને મોટી આપત્તિ, ચિંતા-મુશ્કેલીમાંથી બચાવે. આપની કારકિર્દીની શરૂઆત હોય કે યુવાનીનો દસકો હોય પરંતુ ભાગ્યોદય-પ્રગતિ-સફળતા માટે સંઘર્ષ કરવો પડે. વડીલવર્ગને શારીરિક-માનસિક અસ્વસ્થતા-ચિંતા-તણાવના કારણે શાંતિ જણાય નહીં.

## આરોગ્ય-સુખાકારી :

આ વર્ષમાં આપને આપના આરોગ્યની અસ્વસ્થતાના કારણે ચિંતા-ખર્ચ-રૂકાવટ-મુશ્કેલી અનુભવાય. શનિની ઉતરતી પનોતી સોનાના પાયે કષ્ટપીડા આપનારી રહે. તમારા કૌટુંબીક પ્રશ્નો-સંજોગો તમારા આરોગ્યની અસ્વસ્થતાને અસર કરી જાય. તમે ગમે તેટલા સ્વસ્થ રહેવા પ્રયત્ન કરો પરંતુ સ્વસ્થ રહી શકો નહીં. બી.પી.ની તકલીફ, હાર્ટની તકલીફ, ખભામાં, થાપામાં દર્દપીડા અનુભવાય. શારીરિક બિમારી કરતાં માનસિક બિમારી પીડા, વ્યાધિ, વિચારો, અનિંદ્રા, હતાશા નિરાશાના કારણે તમે વધુ અસ્વસ્થતા મુશ્કેલી વર્ષ દરમ્યાન અનુભવો. તા. ૧૮-૧૨-૨૦૧૨ સુધીનો સમય ઉચાટ-ઉદ્વેગ-અશાંતિનો રહે. તા. ૧૨-૪-૨૦૧૩થી તા. ૨૩-૫-૨૦૧૩ દરમ્યાન ભાઈભાંડુ, સગા સંબંધી-મિત્રવર્ગ, વડીલવર્ગની, પુત્ર પૌત્રાદિકની ચિંતામાં તમે શારીરિક, માનસિક અસ્વસ્થતા અનુભવો. મૃત્યુ ન થાય પરંતુ મૃત્યુજનક પરિસ્થિતિમાંથી સમય પસાર કરતા હોવ તેમ લાગે. બી.પી.ની વધઘટ, હાર્ટએટેકથી, ડાયાબીટીસથી વધઘટથી ઉપરોક્ત સમય સંભાળવો પડે. આ વર્ષ ભાઈભાંડુના, સંતાનના આરોગ્ય માટે નબળું રહે. આપની શારીરિક-માનસિક સ્વસ્થતા-શાંતિ માટે ભક્તિ-પૂજા-મંત્રજાપ વધારે કરવા.

## આર્થિક સુખ સંપત્તિ :

આપની આવડત, હોંશીયારી, બુદ્ધિ હોવા છતાં આ વર્ષમાં આપને નાણાંનો વ્યય, નુકસાન સહન કરવું પડે. બિન આવડત અને આયોજન વગરના નિર્ણયના કારણે પણ તમે મોટા આર્થિક સંકટ, મુશ્કેલીમાં આવી જાવ. તમારા નાણાંનો, બચતનો બીજા લોકો ઉપયોગ કરે અથવા તમારી પાસેથી પડાવી લેવાના પ્રયત્નો કરે. શનિની મોટી ઉતરતી પનોતીનો છેલ્લો તબક્કો સોનાના પાયે તમને મકાન-મીલ્કતના પ્રશ્ને ભાઈભાંડુ, કુટુંબીજનો કે સગા સંબંધી-મિત્રવર્ગના કારણે નુકસાન કરાવે. સંયુક્ત મીલ્કતના પ્રશ્નમાં તમને વિશ્વાસઘાત-દગો થાય, પરેશાની ભોગવવી પડે તે સિવાય ઈલેક્ટ્રીક સાધનોની ખરાબી, આગ, પાણી વગેરેથી ચિંતા, ખર્ચ-નુકસાન અનુભવવું પડે. આવક કરતાં જાવક વધારે રહે. તા. ૩૧-૫-૨૦૧૩ પછીથી વર્ષના ઉત્તરાર્ધ સુધીમાં નોકરી-ધંધાની આવકમાં, નાણાં પ્રાપ્તિમાં મુશ્કેલીની શરૂઆત થાય. અગાઉ નાણાં પ્રાપ્તિ સમયે આનંદ અનુભવ્યો હોય પરંતુ આ વર્ષમાં રીકવરી આવતાં, ઈન્કમટેક્ષની તપાસ આવતાં નાણાં પરત ભરવાના થાય. આકસ્મિક મોટી બિમારીથી મોટો ખર્ચો આવી જાય. મેડીકલેઈમ હોવા છતાં મેડીકલેઈમના નાણાં મેળવવામાં તકલીફ પડે, ખર્ચા કરતાં ઓછા નાણાં પ્રાપ્ત થાય. બચતમાં રોકેલા નાણાં, બેંકના નાણાંમાં કોઈ ભૂલ, ઉચાપતના કારણે, કોમ્પ્યુટરની ભૂલના કારણે તમને નુકસાન થાય કે પરેશાની ભોગવવી પડે. ધક્કા ખાવા પડે.

તા. ૩૧ મે ૨૦૧૩ સુધી ગુરૂ ગ્રહની પ્રબળતા તમારા કામકાજમાં, આવકમાં સાનુકૂળતા રખાવે. રૂકાવટવાળા પ્રશ્નના ઉકેલમાં ઉપરોક્ત તારીખ સુધીનો સમય ચિંતા-સંઘર્ષને અંતે લાભદાયી રહે. પ્રશ્નના ઉકેલથી તમે હળવાશ, રાહત અનુભવી શકો. ફસાયેલા નાણાં, સંયુક્ત મીલ્કતના પ્રશ્નના ઉકેલમાં આકસ્મિક ચર્ચા-વિચારણા-વિવાદના અંતે સફળતા જણાય. ભાઈભાંડુ, નોકર ચાકર, કારીગરવર્ગનો, ઉપરીવર્ગ સાથેનો પ્રશ્ને ઉકેલાતા તમારી આવકમાં, કામકાજમાં સાનુકૂળતા જણાય. પરંતુ તા. ૧૨-૪-૨૦૧૩ થી તા. ૨૩-૫-૨૦૧૩ દરમ્યાન ભાઈભાંડુને બિમારી-ચિંતા-અકસ્માતના કારણે પીડા ભોગવવી પડે. તે સિવાય વ્યવહારીક-સામાજીક-કૌટુંબીક પ્રસંગમાં શું કરવું ? તે અંગે પત્ની-સંતાન-પરિવાર સાથે મતભેદ, ચિંતા-વિવાદ અનુભવાય. વર્ષારંભે તા. ૧૮-૧૨-૨૦૧૨ સુધીનો સમય ચિંતા-ઉચાટમાં-વ્યગ્રતામાં પસાર થાય તેમ છતાં કામ ઉકેલાય, આવક થાય. આસો મહિનામાં દિવાળી જેમ જેમ નજીક આવતી જાય તેમ તેમ તમને શારીરિક-માનસિક અસ્વસ્થતાથી કંઈ ગમે નહીં. ધાર્યું કામકાજ થાય નહીં. વ્યવસાયમાં, આવકમાં રૂકાવટ, મુશ્કેલી જણાય.

## પત્ની-સંતાન સુખ

તા. ૩૧-૫-૨૦૧૩ વૈશાખ વદ સાતમ સુધીનો સમય પત્ની-સંતાન માટે સાનુકૂળતાવાળો રહે. અવિવાહીતને વિવાહ-લગ્નનું નક્કી થાય. સંતાનને નોકરી ધંધામાં, વિદ્યાભણતરમાં પ્રગતિ જણાય, ફેરફારી થાય. પરંતુ વૈશાખ પછી જેમ જેમ આસો મહિનો નજીક આવતો જાય તેમ તેમ પત્ની-સંતાન-પરિવારના પ્રશ્નમાં ચિંતા, મૂંઝવણ રહે. સંતાનને મિત્રવર્ગથી, વ્યસનથી, બિમારીથી, વાહનથી તકલીફ થાય. વિદ્યાભણતર, વિવાહ-લગ્નના પ્રશ્નમાં મુશ્કેલી અનુભવાય. નોકરી-ધંધામાં તકલીફ-સંઘર્ષ રહે. આવક ન આવવાના કારણે તમારે તમારી બચતનાં નાણાંનો ઉપયોગ કરવો પડે. સંતાનને મદદરૂપ થવું પડે. કારતકમાં અને આસોમાં સંતાનને બિમારીથી, વાહનથી સંભાળવું પડે. આ વર્ષ પત્નીના નસીબ-ભાગ્યથી આવકમાં સાનુકૂળતાવાળુ રહે પરંતુ વર્ષના મધ્યભાગ પછી પત્ની પક્ષે, સાસરીપક્ષમાં બિમારી, ચિંતાનું આવરણ આવી જાય. પત્નીની શારીરિક અસ્વસ્થતાથી ચિંતા-ખર્ચ અનુભવાય. પત્નીના નામે ધંધો હોય, પત્નીને નોકરી હોય તો તેમાં શાંતિ-રાહત જણાય નહીં. મિત્રવર્ગના કારણે તમને તકલીફ થાય નહીં તેનું ધ્યાન રાખવું.

**- શનિની ઉતરતી પનોતી સોનાના પાયે આર્થિક સંકળામણ-ખેંચ રખાવશે તેમજ ધંધાનું કાર્યક્ષેત્ર તમારા હાથમાંથી હરિફવર્ગના હાથમાં સરકતુ જણાય.**

**- કારતક, માગશરમાં ધંધો-આવક સાનુકૂળતાવાળો રહે.**

**- ખર્ચા કરતાં ઓછા નાણાં પ્રાપ્ત થાય.**

## નોકરીમાં વર્ષ કેવું પસાર થાય :

નોકરીમાં આ વર્ષ આરોહ-અવરોહનું રહે. તા. ૩૧ મે ૨૦૧૩ સુધી ચિંતા-રૂકાવટ છતાં મોટી આપત્તિમાંથી બચી શકો પરંતુ ત્યાર પછી શનિની ઉતરતી પનોતી તેમજ ગુરુ ગ્રહની પ્રબળતા ઓછી થવાના કારણે ચિંતા, ઉપાધિ એક પછી એક એવી આવતી જાય કે નોકરીમાં ધોળા દિવસે તારા દેખાતા હોય તેમ લાગે. સરકારી નોકરી હોય તેમને સરકારી કાયદા, કાનૂન, તપાસમાં નોકરીની સલામતી જોખમાય કે શિક્ષા-દંડ-વિવાદ, નુકસાન સહન કરવું પડે. બઢતીમાં પીછેહઠ થાય. પગાર વધારો, ઈન્ક્રીમેન્ટ અટકી જાય. અગાઉ પ્રાપ્ત કરેલાં નાણાં પાછા ભરપાઈ કરવાના આવે. ખોટી નીતિ-રિતીના કારણે કરેલા કામમાં સરકારી તપાસ, કાનૂની તપાસ, કાર્યવાહી કે પોલીસ કાર્યવાહીમાં અટવાઈ પડો, રાત્રે શાંતિથી ઊંઘી શકો નહીં. તમારા આરોગ્યની અસ્વસ્થતા શરૂ થાય. ખાનગી સંસ્થામાં નોકરી કરનારને ઉચ્ચ હોદ્દા પરથી ઓચિંતા રાજીનામું આપવાનું થાય. આત્મસન્માન, માન-અપમાન, સંસ્થાની પરેશાનીના કારણે થોડોક સમય નોકરી-આવક વગર પસાર કરવો પડે. સગા, સંબંધી-મિત્રવર્ગની સંસ્થામાં કામ કરનારને બાનમાં બંધનમાં રાખવાના પ્રયત્નોથી અકળામણ-મુંઝવણ રહે. નોકરી છોડવી હોય તો તમે છોડી શકો નહીં કે બીજે જઈ શકો નહીં. જેમનું જન્મવર્ષ ૩૨, ૪૨, ૪૪, ૫૪, ૫૬ આ વર્ષમાં જ્યારે પસાર થાય ત્યારે વધુ તકલીફોનો સામનો કરવો પડે. નિવૃત્તિનું વર્ષ હોય, સરકારી નોકરી હોય, બેંકની નોકરી હોય તેમને નિવૃત્તિની, ખાતાકીય કામગીરીમાં, પોતાના હક્કના પૈસા મેળવવામાં, પેન્શનની આવક શરૂ થવામાં રૂકાવટ આવવાના કારણે નિવૃત્તિ છતાં ચિંતા-ઉદ્વેગ પોતાના નાણાં પ્રાપ્તિ માટે રહે. સત્યનિષ્ઠા, પ્રમાણિકતા, કર્તવ્યનિષ્ઠા છતાં ગ્રહોની પ્રતિકૂળતા તમને અનુભવાય.

જેમને નોકરી ન હોય, નોકરી છૂટી ગઈ હોય તેમને નોકરી માટે એટલાયે છતાં નો રીપ્લાયના કારણે હૃદય-મન વ્યગ્ર રહ્યા કરે. હતાશા નિરાશા અનુભવાય. જેમના જન્મના ગ્રહયોગ બળવાન હશે તેમને કામચલાઉ નોકરી મળે, આવક થાય પરંતુ અનિચ્છાએ ન ગમતી નોકરી, કામગીરી, આવક સ્વીકારવી પડે. એપ્રીલ-મે, ઑગસ્ટથી ઓક્ટોબર સુધીનો સમય નાની-મોટી ચિંતા-આધિ-વ્યાધિ-ઉપાધિ-બિમારીના કારણે નોકરીમાં તકલીફવાળો પસાર થાય પરંતુ ભક્તિ-પૂજાની પ્રબળતા તમને ટકાવી રાખે.

## ધંધામાં વર્ષ કેવું પસાર થાય ?

ધંધામાં ધંધાકીય હરિફવર્ગના કારણે તમારી યશ, ધનમાં, ધંધામાં ઘટાડો થાય. શનિની ઉતરતી પનોતી સોનાના પાયે આર્થિક સંકળામણ-ખેંચ રખાવશે તેમજ ધંધાનું કાર્યક્ષેત્ર તમારા હાથમાંથી હરિફવર્ગના હાથમાં સરકતુ જણાય. ભાગીદારીવાળા ધંધામાં તોડફોડ થવાના કારણે તમારે શું કરવું ? તેની ચિંતા-મુંઝવણ-મુશ્કેલી અનુભવો. હિસાબીવર્ષ એપ્રીલ ૨૦૧૩ થી જે શરૂ થશે તે જેમ જેમ પસાર થશે તેમ તેમ એક પછી એક આધિ-વ્યાધિ-ઉપાધિ શરૂ થાય. બેંક લોન ભરપાઈ કરવામાં ખેંચતાણ અનુભવાય. દેવાના ચક્કરમાં તમારો ધંધો બંધ થઈ જાય ને નોકરી શોધવાનો સમય આવી જાય. ઈન્કમટેક્ષ, સેલટેક્ષના તપાસમાં તમારી ઊંઘ હરામ થઈ જાય. ખોટી નીતિ રીતિથી ધંધો કરનારને જેલયાત્રા-બંધનના અનુભવમાં જીંદગીમાં કઠિનમાં કઠિન સમય પસાર કરવો પડે. સોનાના-તાંબાના-લોખંડના-તેલ-તેલીબીયાના શેરોના સટ્ટા-વાયદામાં ચોવીસ કલાકમાં જ તમે બેહાલ થઈ જાવ. ખાંડ, રૂ, એરંડા-જીરૂ-વરિયાળીના, મગફળીના, ચણા-મઠ-મગના વેપાર ધંધામાં સાવધાની રાખવી પડે. કાગળ-કાપડ-પ્રિન્ટીંગનો-પુસ્તકોનો, વિદ્યાવ્યવસાયનો ધંધો કરનારને, સરકારી, કરારી કોન્ટ્રાક્ટથી ધંધો કરનારને આ વર્ષમાં ધાર્યો-ધંધો-આવક પ્રાપ્ત થાય નહીં.

વર્ષારંભે કારતક, માગશરમાં ધંધો-આવક સાનુકૂળતાવાળો રહે. આકસ્મિક ધંધો-આવક થવાથી નાણાંની લેવડદેવડના વ્યવહારમાં, બચતમાં સાનુકૂળતા રહે. મકાન બાંધકામના, ટ્રાવેલ્સના ધંધામાં, પરચુરણ ધંધામાં આવક થાય પરંતુ લોભ-લાલચમાં, જીદ્દ-મુમત ખેંચતાણમાં ધંધો જતો ન રહે તેની સાવધાની રાખવી. નહીં નફો નહીં નુકસાનના ધોરણે ધંધો કરવાની નીતિ હિતાવહ રહેશે. પત્ની-સંતાનના નામે ધંધો હોય તો તેમાં તેમના નસીબ-ભાગ્યબળ-ગ્રહબળથી સાનુકૂળતા રહે. તે સિવાય આ વર્ષમાં આપની આરોગ્યની અસ્વસ્થતા, શ્રમ, થાકના કારણે, કૌટુંબીક પ્રતિકૂળ કારણોના કારણે ધંધામાં એકાગ્રતા સ્થિરતા જળવાય નહીં. તેમાં પણ એકલા હાથે ધંધો કરનારને ધંધો હોય છતાં ધંધો જતો કરવો પડે. ભાઈભાંડુના, કાકાબાપાના સંયુક્ત ધંધામાં, ધંધાની જગ્યામાં, ગ્રાહકવર્ગમાં આપ તકલીફ અનુભવો. ગ્રાહકવર્ગ સાથે વાણીની મીઠાસને વ્યવહારમાં નમ્રતા રાખવી જરૂરી રહેશે.

સ્ત્રી વર્ગ : સ્ત્રી વર્ગને પતિ-સંતાન સુખ માટે, પરિવારની પ્રગતિ માટે તા. ૩૧-૫-૨૦૧૩ સુધીનો સમય સાનુકૂળતાવાળો રહે. પરંતુ તા. ૧૨ એપ્રિલથી તા. ૨૩ મે દરમ્યાન ગાયનેક તકલીફ, શસ્ત્રક્રિયા, પ્રસૂતિ, તેમજ વાહનથી, પડવા વાગવાથી ચિંતાવાળો રહે. ભાઈભાંડુને વાહનથી, પડવા વાગવાથી તકલીફ, પીડા જણાય. વર્ષ દરમ્યાન પનોતીની પ્રતિકૂળતાના કારણે સાંસારીક જીવનમાં અવારનવાર તકલીફ અનુભવાય. નાણાંભીડ, બિમારી, મતભેદ, વિવાહના કારણે શાંતિ-રાહત જણાય નહીં. નોકરી-ધંધો કરનારને આ વર્ષનો ઉત્તરાર્ધ સંઘર્ષ-ચિંતાવાળો પસાર થાય. કૌટુંબીક જસ મળે નહીં.

## વિદ્યાર્થીવર્ગ :

વિદ્યાર્થીવર્ગને માર્ચ ૨૦૧૩ સુધીનો સમય વિદ્યાભ્યાસમાં પ્રગતિનો રહે. એપ્રિલ-મે મહિના દરમ્યાન પરીક્ષા સમયે આરોગ્યની કાળજી રાખવી પડે. તેમજ વાહનથી, પડવા વાગવાથી સંભાળવું પડે. મિત્રવર્ગના કારણે કે પરીક્ષા આપની વખતે આજુબાજુના વિદ્યાર્થિની ગેરરીતિના કારણે તમે મુશ્કેલીમાં આવી ન જાવ તેની સાવધાની રાખવી. કારકિર્દીનું વર્ષ હોય તેમણે વર્ષારંભથી વાંચન-અધ્યયન-લેખનમાં વધારે ધ્યાન આપવું.

## ખેડૂતવર્ગ :

ખેડૂતવર્ગને શિયાળુ પાકમાં, આવકમાં સાનુકૂળતા રહે. પરદેશમાં રહેતા સગાસંબંધી-મિત્રવર્ગના કારણે યાત્રા પ્રવાસ થાય. મકાન-જમીન-વાહન અંગેનું કામ હોય, સંયુક્ત જમીન-મીલ્કત અંગેનો પ્રશ્ન હોય તે ઉકેલાય પરંતુ વર્ષના મધ્યભાગથી ઉત્તરાર્ધ સુધીનો સમય ખેતીવાડીના, નોકરી ધંધાના તેમજ રાજકીય કામમાં સંઘર્ષ-રૂકાવટ-મુશ્કેલી અનુભવાય. એપ્રીલ-મેમાં પુત્રપૌત્રાદિકના પ્રશ્નમાં ચિંતા રહે. કુટુંબમાં નિકટના સ્વજન-સ્નેહી-વડીલવર્ગનો વિયોગ થાય. ચોમાસુ ખેતીમાં નુકસાન જણાય. આરોગ્યની અસ્વસ્થતા રહે.

## ઉપસંહાર :

આપના માટે આ વર્ષ આરોહ અવરોહનું રહે. વર્ષારંભે ચિંતા-મુશ્કેલી છતાં એક-બે મહત્વના કામમાં ફાયદો-લાભ ઓછો છતાં પ્રશ્નના ઉકેલથી આપ હળવાશ-રાહત અનુભવો. ધર્મકાર્ય, શુભકાર્ય થાય. કૌટુંબીક પ્રશ્ને શાંતિ જણાય નહીં. ભાઈભાંડુના કારણે તકલીફ-ચિંતામાં રહો. પુત્ર-પૌત્રાદિકના પ્રશ્નમાં ચિંતા રહે. નોકરી-ધંધામાં આરોહ-અવરોહની પરિસ્થિતિમાં પણ તમે ટકી જાવ. આવક થાય પરંતુ બચત થઈ શકે નહીં. ટૂંકમાં વર્ષ મધ્યમ રહે. વર્ષના ઉત્તરાર્ધમાં આરોગ્યની કાળજી રાખવી પડે.